RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 128 * Date: 27.02.2025,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ પૉલિસી વચ્ચે પાકિસ્તાની વડાપ્રધાને રણનીતિ બદલી, ઈસ્લામિક દેશો સાથે વધાર્યો વેપાર



અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ (ઙ્ઘહટ્ઠઙ્મઙ્ઘ ્ઙ્ઘિ)ની ટેરિફ પોલિસી (્ટ્ઠિૈકકિ ॅઙ્મૈષ્ઠઅ)થી માત્ર ભારત જ નહીં, પડોશી દેશ પાકિસ્તાન પણ મુશ્કેલીમાં મુકાયું છે, જેના કારણે પાકિસ્તાનના વડાપ્રધાને દેશના ભવિષ્યની ચિંતા વ્યક્ત કરી મુસ્લિમ દેશો સાથે મળી અનેક વેપારી ડીલ કરવાનું શરૂ કરી દીધું છે. શરીફે તાજેતરમાં જ બાંગ્લાદેશ સાથે ડીલ કરી હતી અને હવે તેમણે આજે (૨૬ ફેબ્રુઆરી) ઉઝબેકિસ્તાન સાથે બે બિલિયન ડૉલરની ટ્રેડ ડીલ કરી છે.

પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાજ શરીફ (જીરટ્ઠહ્વટ્ઠડ જીરટ્ઠિકિ) અને ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિ શવકત મિર્જિયોયેવ વચ્ચે તાશકંદમાં મુલાકાત થઈ હતી. આ દરમિયાન બંને નેતાઓ પોતાનો દ્વિપક્ષીય વેપાર બે બિલિયન ડૉલર વધારવા પર સહમત થયા છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, પાકિસ્તાને અઝરબેઝાન સાથે પણ બે બિલિયન ડૉલર ટ્રેડ ડીલ વધારી છે. પાકિસ્તાન અને ઉઝબેકિસ્તાન દ્વારા વર્ષ ૨૦૨૩માં એક બિલિયન ડૉલરની ટ્રેડ ડીલ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા અને હવે આ ડીલને વધારવાની યોજના પર બંને દેશો સહમત થયા છે.

પાકિસ્તાને તાજેતરમાં બાંગ્લાદેશ સાથે પણ ટ્રેડ ડીલ કરી છે, જે મુજબ બાંગ્લાદેશ પાકિસ્તાન પાસેથી ૫૦,૦૦૦ ટન ચોખા ખરીદશે. સમજૂતી મુજબ ચોખા ટ્રેડિંગ કોર્પોરેશન ઑફ પાકિસ્તાન (્ઁ) પહેલા ૨૫૦૦૦ ટનનો જથ્થો અને પછી માર્ચની શરૂઆતમાં ૨૫૦૦૦ ટનનો જથ્થો ચોખા બાંગ્લાદેશ મોકલશે.

# અમદાવાદની વિશેષતા વધારતાં દુર્લભ વૃક્ષો, આખા શહેરમાં આવા બીજા નહીં જોવા મળે

અમદાવાદમાં શિલ્પ - સ્થાપત્ય અને હસ્તકલાના ઉત્તમ નમૂના તો જોવા મળે જ છે પરંતુ પ્રાકૃતિક દ્રષ્ટિએ પણ અમદાવાદની ઘણી વિશેષતાઓ છે. અમદાવાદમાં શાહીબાગથી લઈ વિક્ટોરિયા ગાર્ડન, ઓક્સિજન પાર્ક જેવા ઘણા ગાર્ડન આવેલા છે. આ સાથે જ, સમગ્ર અમદાવાદમાં ઘણા એવા વૃક્ષો પણ છે જે માત્ર એક જ જગ્યાએ જોવા મળે છે. જેમકે નગીનાવાડીમાં આવેલું રાવણતાડ અને ગુજરાત કોલેજનું ભોજપત્ર વૃક્ષ અમદાવાદમાં એક જ છેનગીનાવાડીમાં વર્ષોથી અડીખમ ઉભેલું રાવણતાડનું વૃક્ષ અમદાવાદની વિશેષતામાં વધારો કરે છે. સંસ્કૃતમાં દ્રુમતાલ, અંગ્રેજીમાં ડોમ પામ અને વૈજ્ઞાનિક નામ હાઈફીન ઈન્ડિકા નામ ધરાવતું આ વૃક્ષ ખૂબ જ દુર્લભ છે અને અમદાવાદમાં માત્ર નગીનાવાડીમાં જ છે. આ પ્રકારની ડાળીઓવાળા તાડ ઈજિપ્તમાં અને ભારતમાં જ જોવા મળે છે. ઓખામંડળની જાત હોવા છતાં વન્ય નહી પરંતુ બીજ વાનીને ઉછેરવામાં આવતું આ વૃક્ષ દીવ, મહુવા, અમદાવાદમાં નગીનાવાડી, વડોદરામાં કમાટી બાગ અને સુરત પાસે ઊમરડમાં જોવા મળે છે.

# હોસ્પિટલ વીડિયોકાંડમાં વધુ એક આરોપી ઝડપાયો: પોલીસે દિલ્હીથી કરી ધરપકડ

રાજકોટમાં પાયલ હોસ્પિટલના ઝઝ્રફ વાઈરલ કરવાના કેસમાં ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આ મામલે વધુ એક આરોપીની દિલ્હીથી ધરપકડ કરી છે. આ આરોપી પહેલાં નેટફ્લિક્સ અને હોટસ્ટારના કોન્ટેન્ટનું વેચાણ કરતો હતો. બાદમાં ટેલિગ્રામ મારફતે સીસીટીવી વીડિયો વેચવાના કૌભાંડમાં સામેલ થયો હતો. હાલ, આ મામલે સાત આરોપી ઝડપાઈ ચુક્યાં છે અને પોલીસ આ મામલે સંડોવાયેલા વધુ લોકોની તપાસ કરી રહ્યાં છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે રાજકોટની હોસ્પિટલમાંથી સીસીટીવી વાઈરલ કરવાના મામલે પોલીસે રોહિત સિસોદિયા સહિત સાત ઓરોપીની ધરપકડ કરી છે. પોલીસે દિલ્હીથી રોહિતની ધરપકડ કરી છે. આરોપીએ ડિપ્લોમા મેડિકલ લેબ ટેક્નિશિયનનો અભ્યાસ કરેલો છે. તે અગાઉ પકડાયેલાં આરોપી રાયન રોબીન પરેરા અને પરીત ધામેલિયાના સંપર્કમાં હતો. આ બંને રોબિન પરેરા અને પરીત ધામેલિયા સીસીટીવી હેક કરવાનું કામ કરતાં અને રોહિત આ તેમના દ્વારા આપવામાં આવેલી ફૂટેજને ક્યુ આર કોડમાં કન્વર્ટ કરીને વિવિધ ટેલિગ્રામ ચેનલમાં વેચતો હતો.

# ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમીનું યલો એલર્ટ, રાજ્યમાં બે દિવસ હજુ વધશે તાપમાન

દેશભરમાં ઉનાળાની શરૂઆત થઈ ચુકી છે. ત્યારે ગુજરાતમાં તો ફેબ્રુઆરી મહિનામાં જ એપ્રિલ મહિના જેવી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. રાજ્યના મહત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો વધારો થયો છે. એવામાં હવામાન વિભાગ દ્વારા ગુજરાત, કોંકણ, ગોવા, કેરળ અને કર્ણાટકના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમીનું એલર્ટ આપવામાં આવ્યું છે. આ તમામ દરિયાકાંઠે હિટ વેવ આવવાની પણ આશંકા છે. જેના કારણે સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં વાતાવરણ ભેજવાળું



થશે, તેમજ વધુ પડતી ગરમીનો અનુભવ થશે. જેને ધ્યાને લઈ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તોરોમાં પણ યેલો એલર્ટ આપવામાં આવ્યું છે.હવામાન ખાતાના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં પણ ગરમીનું જોર વધશે તેમજ લોકોને અકડામણનો સામનો કરવો પડશે. રાજ્યના મહત્તમ તાપમાનમાં વધારો થતાં બે દિવસ એટલે ૨૬ અને ૨૭ ફેબ્રુઆરીના દિવસે ઉનાળાની ગરમીની વધુ અસર જોવા મળશે. દરિયાઈ કાંઠાના વિસ્તારમાં પણ ગરમીની વધુ અસર રહેશે. ગુજરાતના અન્ય વિસ્તારોમાં પણ ગરમીનું પ્રમાણ વધુ રહ્યું છે. અમદાવાદમાં ૩૪.૯ વડોદરામાં ૩૫ ડાંગમાં ૩૮ રાજકોટમાં ૩૬.૯ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું છે. આ સિવાય દમણ અને સુરતમાં મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી નોંધાયું હતું, તેમજ ડીસામાં ૩૩.૨, નલિયામાં ૩૫.૬ ડિગ્રી નોંધાયું હતું. સૌરાષ્ટ્રની વાત કરીએ તો અમરેલી ૩૬.૨ ડિગ્રી, ભાવનગર ૩૫.૪ ડિગ્રી, પોરબંદર ૩૬.૫ ડિગ્રી અને મહુવામાં ૩૬.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

# વડોદરામાં ૬૦ વર્ષના વૃદ્ધે સગીરા સાથે આચર્યું દુષ્કર્મ, પોલીસે આરોપીને ઝડપ્યો

વડોદરામાં ૬૦ વર્ષીય નરાધમે ૧૬ વર્ષીય સગીરાને બળજબરીથી બિલ્ડીંગના બેઝમેન્ટમાં લઈ જઈને દુષ્કર્મ આચર્યું હોવાની ચોંકવનારી ઘટના સામે આવી છે. સમગ્ર ઘટના મામલે પોલીસે આરોપીની અટકાયત કરી લીધી છે. દુષ્કર્મની ઘટના મામલે પોલીસ દ્વારા પુરાવા એકત્ર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ઘટના બાદ આરોપીની સ્થાનિકો જોડે હાથાપાઈ થવાના કારણે તેને ઈજા પહોંચી હતી. સમગ્ર મામલે ગોરવા પોલીસે પોક્સો એક્ટ હેઠળ ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી.મળતી માહિતી મુજબ, વડોદરામાં ૧૬ વર્ષની સગીરા પર પાડોશમાં રહેતા અશોક પરમાર નામના ૬૦ વર્ષીય વૃદ્ધે દુષ્કર્મ આચર્યું હતું. પીડિતાના પિતા જ્યારે નોકરીએ ગયા હતા, ત્યારે સાંજના સમયે આરોપી સગીરાને ફોસલાવીને બિલ્ડીંગના બેઝમેન્ટમાં લઈ ગયો હતો. જ્યાં આરોપીએ વિકૃતિની હદ હટાવીને સગીરા સાથે શારીરિક અડપલા કર્યા અને દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ આરોપીએ કોઈને કહીશ તો જાનથી મારી નાખશી તેવી સગીરાને ધમકી આપી હતી. બનાવ અંગે પીડિતાએ પરિવારને કરી હતી. આ પછી પરિવારજનોએ બેઝમેન્ટના સીસીટીવી ચકાસતાં સમગ્ર ઘટના સામે આવી હતી

# એસ.એસ.સી. અને એચ.એસ.સી. પરીક્ષાર્થીઓ માટે શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાની શુભકામનાઓ

ગુજરાતમાં આવતીકાલ તા. ૨૭/૦૨/૨૦૨૫, ગુરૂવારથી શરૂ થતી એસ.એસ.સી. અને એચ.એસ.સી. બોર્ડની પરીક્ષાઓ માટે શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ તમામ વિધાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી. રાજ્યમાં કુલ ૧૪ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે, જેમાં એસ.એસ.સી.ના ૯ લાખથી વધુ, એચ.એસ.સી.ના ૪ લાખથી વધુ અને એચ.એસ.સી. સાયન્સ પ્રવાહના ૧ લાખથી વધુ વિધાર્થીઓ સામેલ છે.

મંત્રીશ્રીએ વિધાર્થીઓને સંદેશ આપતાં જણાવ્યું કે પરીક્ષાને ટેન્શન તરીકે નહીં, પણ એક ઉત્સવ તરીકે ઉજવવો જોઈએ. જો કોઈ વિદ્યાર્થી કોઈ એક પેપરમાં સારું પ્રદર્શન ન કરી શકે, તો તેને હતાશ થવાની જરૂર નથી. ઓછા માર્ક્સ જીવનનો અંત નથી – મહેનત અને ધીરજથી



ભવિષ્યમાં ઉજજવળ સફળતા હાંસલ કરી શકાય છે. ઘણા વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ પછી સખત મહેનત કરીને સિવિલ સર્વિસ સહિતની ઉચ્ચ પદવી હાંસલ કરે છે અને માતા-પિતાનું ગૌરવ વધારતા હોય છે. તેથી, માતા-પિતાએ પણ ઘરમાં હકારાત્મક માહોલ રાખવો જોઈએ જેથી વિદ્યાર્થીઓ નિડર બની પરીક્ષા આપી શકે.

રાજ્ય સરકાર દ્વારા પરીક્ષાઓનું પારદર્શક સંચાલન સુનિશ્ચિત કરવા માટે વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. સાથે જ ટેકનોલોજીની મદદથી તમામ પરીક્ષા કેન્દ્રો પર કડક મોનિટરિંગ રાખવામાં આવશે. મુખ્ય કેન્દ્રથી પેપરના વહન સહિતની તમામ વ્યવસ્થાઓ માટે કંટ્રોલ રૂમમાં સતત નજર રાખવામાં આવશે.

ઉપરાંત, કોઈ પણ વિદ્યાર્થીને કોઈ તકલીફ પડે તો પોલીસ વિભાગ અને અન્ય શાસકીય એજન્સીઓ મદદ માટે હંમેશા તૈયાર રહેશે. રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજીની સૂચનાથી, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા વિધાર્થીઓ માટે વિનામૂલ્યે બસ સેવાની વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી તેઓ સરળતાથી પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચી શકે.ગુજરાતના વિધાર્થીઓ છેલ્લા અનેક વર્ષોથી બોર્ડની પરીક્ષાઓમાં ઉત્તમ પરિણામ આપતા આવ્યા છે. આ વર્ષે પણ ગુજરાતના યુવાધન કઠોર મહેનત અને આત્મવિશ્વાસ સાથે શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરશે, તેવી મંત્રીશ્રીએ આશા વ્યક્ત કરી. સાથે જ, માતા-પિતાને વિનંતી કરી કે, પરીક્ષાના દિવસોમાં ઘરમાં શાંતિપૂર્ણ અને પ્રોત્સાહક વાતાવરણ જળવાય, જેથી વિદ્યાર્થીઓ નિર્ભય બની પરીક્ષા આપી શકે.

# અમદાવાદમાં એક જ દિવસમાં ત્રણ અકસ્માત: બે લોકોના મોત, ૬ ગંભીર રીતે ઈજાગ્રસ્ત




દેશભરમાં બુધવારે (૨૬ ફેબ્રુઆરી) લોકો મહા શિવરાત્રિનો પર્વ ઉજવી રહ્યાં છે. ત્યારે અમદાવાદમાં વિવિધ જગ્યાએથી અકસ્માતની ઘટના સામે આવી છે. હેબતપુર, બાવળા અને બોપલ વિસ્તારમાં ગંભીર અકસ્માતના કારણે બે લોકો મોતને ભેટ્યાં છે તેમજ ૬ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

અમદાવાદના હેબતપુર ઓવરબ્રિજ પર ટ્રક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. હેબતપુર ઓવરબ્રિજ ચઢતાં એક ચાલું ટ્રક પાછળ અર્ટિકા ઘૂસી જતાં અસક્માત સર્જાયો હતો. ગાડી ટ્રકની નીચે આવી જતાં તેનો ભૂક્કો બોલાઈ ગયો હતો. આ સિવાય ગાડીમાં સવાર ત્રણમાંથી એક વ્યક્તિનું કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું અને અન્ય બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયાં હતાં. હાલ, ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં છે અને મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમમાં મોકલવામાં આવ્યો છે. પોલીસે સમગ્ર મામલે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બાવળાથી બગોદરા તરફ જતાં ટ્રક ચાલક તેના માલિક સાથે વચ્ચે જમવા માટે રૂપાલ ચોકડીની મધુવન હોટેલ ખાતે ટ્રક ઊભી રાખી હતી. આ દરમિયાન ટ્રક માલિક રસ્તો ઓળંગીને સામેની બાજુ જઈ રહ્યો હતો ત્યારે બગોદરાથી આવતાં મોપેડ ચાલકે તેને ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે, ટ્રક માલિકનું હોસ્પિટલમાં સારવાર મળે તે પહેલાં જ મોત થઈ ગયું. આ સિવાય મોપેડમાં સવાર ત્રણેય યુવકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયાં હતાં. અકસ્માતની પ્રાથમિક માહિતીમાં સામે આવ્યું કે, મૃતક ધંધુકાનો રહેવાસી હતો.

શહેરના બોપલ વિસ્તારમાં ફરી એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. બોપલમાં આવેલાં સ્વસ્તિક વિવંતા રોડ ઉપર બેફામ કાર ચાલકે અમરત રબારી નામના યુવકને અડફેટે લીધો હતો. જેના કારણે યુવકને ગંભીર રીતે ઈજા પહોંચી છે. જોકે, કાર ચાલક ટક્કર મારી ત્યાંથી ફરાર થઈ ગયો છે અને ઈજાગ્રસ્ત યુવક હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

## તંત્રી લેખ

# ફેબ્રુઆરીમાં દેશની સોનાની આયાત ૨૦ વર્ષના તળિયે

વૈશ્વિક સ્તરે ગોલ્ડના ઊંચા ભાવને પરિણામે વર્તમાન મહિનાની ભારતની સોનાની આયાત વાર્ષિક ધોરણે ૮૫ ટકા જેટલી નીચી રહ્યાનું પ્રાપ્ત પ્રારંભિક ડેટા પરથી જણાય છે. ફેબ્રુઆરીની આયાત વીસ વર્ષના તળિયે જોવા મળી રહી હોવાનું વાણિજ્ય મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું. ફેબ્રુઆરી ૨૦૨૪માં ૧૦૩ ટનની સામે વર્તમાન વર્ષના આ મહિનામાં સોનાની આયાત ૧૫ ટન જેટલી રહ્યાનો અંદાજ છે, જે છેલ્લા બે દાયકામાં કોઈ એક મહિનાની સૌથી નીચી આયાત છે.

વિશ્વમાં સોનાના બીજા મોટા આયાતકાર દેશ ભારતમાં ગોલ્ડની નીચી આયાતથી વેપાર ખાધ અંકૂશમાં રાખવામાં મદદ મળશે એટલું જ નહીં ડોલર સામે રૂપિયાને વધુ નબળો પડતો અટકી શકશે એવો પણ મત વ્યકત કરવામાં આવી રહ્યો છે.

ભૌગોલિકરાજકીય અશાંતિને કારણે ૨૦૨૪માં મોટાભાગની વૈશ્વિક કેન્દ્રીય બેન્કો દ્વારા સોનાની નોંધપાત્ર ખરીદી રહી હતી જેને કારણે સોનાના ભાવમાં વિક્રમી ઉછાળો જોવા મળ્યો હતો. વર્તમાન સપ્તાહમાં સોનાના ઔંસ દીઠ ભાવ ઉછળી ૨૯૫૬ ડોલરની વિક્રમી સપાટીએ પહોંચ્યા હતા. ઊંચા ભાવને કારણે ભારતના ટ્રેડરો તથા જ્વેલર્સ દ્વારા ખરીદી ધીમી પડી છે.

# ઝધડિયાની યંગ લાયન્સ ગૃપ ધ્વારા ફરાળ વિતરણ..




યંગ લાયન્સ ગૃપ ના સંસ્થાપક કરણસિંહ પરમાર,દિકેશ પટેલ અને યંગ લાયન્સ ગૃપ ના પ્રમુખ જયેશ સોલંકી અને યંગ લાયન્સ ગૃપ ના તમામ સભ્યો ધ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.હિંદુ ધર્મમાં મહાશિવરાત્રીનું વિશેષ મહત્વ છે. મહાશિવરાત્રિના અવસરે શિવ અને શક્તિનું મિલન થયું હતું. આ અવસરે મહાદેવ અને શિવના વિવાહ થયા હતા. મનોકામનાની પૂર્તિ કરતા આ પર્વનું વિશેષ મહત્વ છે. ત્યારે ઝધડિયા ની યંગ લાયન્સ ગૃપ ધ્વારા ફરારી ની સેવા ઝધડિયા ડી.ડી.હાઈસ્કુલ પાસે કરવામાં આવી હતી

# બાંડીબાર ગણપતિ મંદિરે જાલરનું અનાવરણ કરાયું


લીમખેડા તાલુકાના મોટી બાંડીબાર માં આજે મહાશિવરાત્રી ના પાવન પર્વના દિવસે દાદાના ભક્ત એવા જયદીપ ભાઈ ધીંગા દવારા ગણપતિ દાદા ના મંદિરે પંડિતો દ્વારા શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે મંદિરમાં પૂજા અર્ચના કરી આરતી ઉતારી મંદીરના પ્રવેશ દ્વાર પર ૧૦૫ કિલોગ્રામ વજન ના જાલરનુ અનાવરણ કરવામાં આવ્યુ હતુ આ પ્રસંગે દાહોદ ના સાંસદ જસવંત સિંહ ભાભોર તથા મોટી સંખ્યામાં ગ્રામ જનો ઉપસ્થિત રહ્યા હતા તથા ઉપસ્થિત તમામ ભક્તો ને શિરા તથા ગણપતિ દાદા ને પ્રિય



એવા લાડુ નો પ્રસાદ આપવામાં આવ્યો હતો અને ત્યાર બાદ જયદીપ ભાઈ ધીંગા દ્વારા ગામમાં ઘરે ઘરે લાડુ નો પ્રસાદ પણ પહોંચાડવામાં આવ્યો હતો .

# શૂળપાનેશ્વર મહાદેવ મંદિરમાં ભક્તોની ભીડ

અરવલ્લી જિલ્લાના ધનસુરા ગામમાં આવેલ પ્રાચીન સમયનું શૂળપાનેશ્વર મહાદેવમાં આજે શિવરાત્રી નિમિત્તે શિવ ભક્તો મોટી સંખ્યામાં દર્શને ઉમટી પડ્યા હતા.દેવા ધિ દેવ મહાદેવના દર્શન અને પ્રસાદીનો લ્હાવો લઈ ધન્ય બન્યા હતા.



# મહાશિવરાત્રિના પર્વે ભવનાથ મંદિરમાં ભક્તોનું ઘોડાપૂર, નાગા સાધુઓની નીકળશે રવાડી



મહાશિવરાત્રિનો તહેવાર સમગ્ર ભારતમાં ઉત્સાહભેર ઉજવાઈ રહ્યો છે. ગુજરાતના જૂનાગઢ ખાતે દર વર્ષે મહાશિવરાત્રિ દરમિયાન પાંચ દિવસ ભવ્ય મેળાનું આયોજન કરવામાં આવે છે. જેમાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવે છે, ત્યારે મહાશિવરાત્રિ દરમિયાન જૂનાગઢ ખાતે દેશ-વિદેશમાંથી શ્રદ્ધાળુઓ આવે છે. મેળાના પહેલા દિવસે બે લાખથી શ્રદ્ધાળુ આવ્યા હતા. જૂનાગઢના ભવનાથમાં લગભગ ૧૫૦ વર્ષથી શિવરાત્રિની રાત્રે નાગાસાધુ, અઘોરી અને વિવિધ અખાડા દ્વારા નિકળતી રવેડી યાત્રાનું પૌરાણિક અને ધાર્મિક રીતે ખૂબ મહત્ત્વ રહેલુ છે. જૂનાગઢના ભવનાથ મંદિર ખાતે મહાશિવરાત્રિના પર્વે પર ભક્તોનું ઘોડાપૂર જોવા મળશે. આયોજિત પાંચ દિવસના મહાશિવરાત્રિના મેળા દરમિયાન લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવશે. મહાશિવરાત્રિની રાત્રે અખાડાઓ સાથે અઘોરીઓ, નાગાસાધુઓ, સંતો દ્વારા ધ્વજારોહણ પછી નિકળતી યાત્રાને રવેડી કે રવાડી યાત્રા કહેવામાં આવે છે. મહાશિવરાત્રિની રાત્રિએ નાગાબાવાઓ દ્વારા મૃગીકુંડ તરફ શિવયાત્રાનો શુભારંભ થાય છે, જે ભારતી આશ્રમથી ભવનાથ મહાદેવ મંદિર સુધી જાય છે. રવાડી યાત્રામાં આખા ભારતભરમાંથી નાગાબાવા, અઘોરી અને બીજા અનેક સંપ્રદાયના સાધુ-સંતો ઉત્સાહપૂર્વક જોડાય છે. જૂના અખાડા, ત્રિપન્દશનામ, ત્રિપન્દશનામ જૂના અખાડા, ત્રિપન્થ અખાડા, આવહાન અખાડા, ત્રિ-અગ્નિ અખાડા વગેરે અખાડાની રવાડી નિકળતી હોય છે. આ દરમિયાન મોટા સંખ્યામાં શ્રદ્ધાળુઓ રવાડીને નીહાળવા માટે એકઠા થઈ જાય છે. મહાશિવરાત્રિના પાવન પર્વ પર આજે ૨૬ ફેબ્રુઆરીએ ભવનાથ મહાદેવને ૫૧ કિલોગ્રામ ફૂલો અને ૧૨૫ કિલોગ્રામ ફળફળાદીનો શણગાર કરવામાં આવ્યો છે. રાત્રીના ૧૨ વાગ્યે મહાઆરતી કરાશે. આ પછી શાહીસ્નાન બાદ ભવનાથના મેળાની પૂર્ણાહૂતિ કરાશે. જ્યારે મંદિરે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું છે.

# પાટણ યુનિવર્સિટીમાં સેમિનાર યોજાયો

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણના સેતુ પ્રોગ્રામ અંતર્ગત આજે જાતિય સમાનતા અને વિકાસ વિષય પર યુનિવર્સિટીના કન્વેશન હોલ ખાતે જનજાગૃતિ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલપતિની અધ્યક્ષતામાં આયોજિત આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રના વકતાઓ દ્વારા લિંગભેદ અને જાતિગત સમાનતા વિશે કાયદાકીય જોગવાઈઓ સહિત સામાજિક પરંપરાઓ અને રૂઢિઓ પર પ્રકાશ પાડી મહત્વપૂર્ણ જાણકારી આપવામાં આવી હતી. આ પ્રસંગે વિર નર્મદ યુનિવર્સિટી સુરતના કાયદા વિભાગના ડીન ડો. વિમલ પંડયાએ જાતિગત બાબતમાં ભેદભાવ અને વિકાસ અંગે બોલતા જણાવ્યું કે, દેશમાં વર્ષોથી નારીનું સ્થાન પુજનીય રહ્યું છે.

ભારત પહેલેથી જ મહિલા શકિતનું સન્માન કરે છે છતાં આજે આવી પરિસ્થિતિ કેમ ? એ ચિંતનનો મુદ્દો બને છે. તેમણે આ બાબતે પરિવાર, સમાજ, રૂઢિ, પરંપરા અને પરિવર્તન બાબતે દ્રષ્ટાંત ટાંકીને વિષય સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે, ગલ્ફના દેશોમાં સ્ત્રીનું બજાર ભરાય છે ને તેનું ખરીદ વેચાણ થાય છે. ભારતમાં આવી સ્થિતિ નથી. તેમણે કહ્યું કે, ગામડાઓમાં આજે પણ સ્ત્રી અને પુરુષ સાથે કામ કરે છે. તેમણે બન્ને પક્ષે સમાનતાની ભાવના જરૂરી હોવાનો નિર્દેશ કરી સંસદમાં ૩૩ ટકા મહિલા અનામત બિલ પાસ થવાથી મહિલા પ્રતિનિધિત્વમાં ૩૩ ટકા સુધી તો પહોંચી શક્યા છીએ એવો સંતોષ વ્યક્ત કર્યો હતો અને આ બાબતે સમાજમાં જાગૃતિ દ્વારા સમાનતાનો ખ્યાલ વિકસે તે માટે અનુરોધ કર્યો હતો.અધ્યક્ષસ્થાનેથી કુલપતિ ડો. કિશોર પોરીયાએ લિંગ ભેદ દૂર થવો જ જોઈએ અને કાર્યસ્થળે સ્ત્રી પુરુષ સમાનતા જરૂરી હોવાની હિમાયત કરી બહેનોને નેતૃત્વમાં અગ્રતા આપવા તમામ ક્ષેત્રોમાં સમાનતા જરૂરી હોવાનું જણાવ્યું હતું. તેમણે સ્ત્રી-પુરુષ સમાનતાની બાબતને એક વિષય

જાતિગત સમાનતાનો વિષય શિક્ષણતરીકે શિક્ષણમાં સમાવિષ્ટ કરવા તેમજ સમાનતાના કાયદા અંગેનું જ્ઞાન વિસ્તરે તે માટે શિક્ષણમાં દરેક લેવલે એક પેપર હોવું જોઈએ એમ જણાવ્યું હતું અને મીડિયામાં પણ મહિલા પ્રતિનિધિત્વનું પ્રમાણ વધે તે જરૂરી હોવાનું જણાવ્યું હતું જેથી મહિલાઓની પરિસ્થિતિ અને વ્યથા અંગેની સાચી વાત વધુ સારી રીતે સમાજ સુધી પહોંચાડી શકાય.પ્રો. પોરીયાએ વધુમાં જણાવ્યું કે, હવે ધીરે ધીરે પૂર્વગ્રહો ઓછા થતા જાય છે અને પરિવર્તન જોવા મળી રહ્યું છે, શિક્ષણ ક્ષેત્રે દિકરીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. દિકરો - દિકરી સમાન છે એવો ભાવ સમાજમાં વ્યાપ્ત થઈ રહ્યો હોઈ પહેલા દિકરો જન્મે પેંડા વહેંચાતા હતા હવે દિકરીના જન્મ પ્રસંગે પણ પેંડા વહેંચાય છે. છતાં આ વિષયમાં હજુ ઘણું કરવાનું રહે છે. જાતિ પરીક્ષણ પ્રતિબંધિત હોવા છતાં હજુ ઘણા ડોક્ટરો દિકરો કે દિકરીનું લિંગ પરીક્ષણ કરતા પકડાતા હોવાના કિસ્સા જોવા મળે છે.તેમણે આ ક્ષેત્રે દિકરાઓ કરતા દિકરીઓનું દાયિત્વ વધુ બને છે એમ જણાવ્યું અને વિકસિત ભારતનું સ્વપન સાકાર કરવા માટે પણ જેન્ડર ઈકવાલિટી જરૂરી હોવાનો મત વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમમાં વક્તા તરીકે ઉપસ્થિત મોડાસા લો કોલેજના પ્રો. ડો. સોનિયા જોશી અને ડો. આશિષ જોશીએ જાતિગત ભેદભાવ અને જાતિગત સમાનતા વિષયને અનુરૂપ મહત્વપૂર્ણ માહિતી માટે સામાજિક જાગૃતિની દિશામાં પ્રેરક માર્ગદર્શન કર્યું હતું.

## સમગ્ર સમાજ માટે પ્રેરણાદાયી ઘટના

# જામજોધપુરના સમાજ શ્રેષ્ઠી શ્રી જીજ્ઞેશકુમાર રજનીકાંત ચોટાઈ દ્વારા પુત્રના લગ્નની તમામ રોકડ ભેટ શૈક્ષણિક કાર્ય હેતુ સમાજને અર્પણ કરવામાં આવી



આજે સમાજમાં લગ્ન પાછળ લખલૂટ ખર્ચા તથા દેખાડા થઈ રહ્યાં છે, લગ્નમાં કેવું ડેકોરેશન અને જમવાની ડીસ રાખવી તેની ચર્ચામાં પરિવાર વિચારતું હોય છે, તેવા સમયે પોતાના આંગણે થનાર લગ્નથી સમાજ સેવાનું કાર્ય કેવી રીતે કરવું તે અંગે કોઈ પરિવાર એક સાથે બેસીને વિચારતો હોય તેવું આજના સમયે સ્વપ્નમાં પણ આવે તેમ નથી. પરંતુ આ સ્વપ્નને સાકાર કર્યું છે જામજોધપુરના શ્રી જીજ્ઞેશકુમાર રજનીકાંત ચોટાઈ પરિવારે.સ્વ. હિનાબેન ચોટાઈના સંસ્કારો અને શ્રી જીજ્ઞેશકુમાર ચોટાઈની સમાજભાવનાને પરિણામે તેમના દિકરા ચિ. રાજમાં પણ શૈક્ષણિક સેવાકાર્યની લાગણી પ્રબળ બની રહી છે અને ચિ. ચાર્મીના ભક્તિભાવનો ઉમેરો થતા આ પરિવાર દ્વારા ચિ. રાજ અને ચિ. ચાર્મીના લગ્ન પ્રસંગે જે પણ ચાંલ્લાની રકમ આવશે તેને સમાજસેવાના કાર્ય હેતુ આપવાની જાહેરાત કરી.

ચોટાઈ પરિવારનું માનવું છે કે વર્તમાન સમયે સમાજને સૌથી વધુ જરુરીયાત શિક્ષણની છે, તેથી આ ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓની યાદી તરફ તેઓએ નજર દોડાવતા તેઓ 'રઘુવંશી સેવા સમાજ ટ્રસ્ટ - ગાંધીનગર'ની પ્રવૃત્તિઓથી તેમાંય સમાજના દિકરા-દિકરીઓને માટે કરવામાં આવતા શૈક્ષણિક કાર્યોથી તેઓ પ્રભાવિત થયા અને આ સંસ્થા સમાજના શૈક્ષણિક જરુરીયાત બાળકો માટે એક શૈક્ષણિક ભવન ઉભું કરવા વિચારાધીન હોવાથી તે કાર્યમાં ઝડપભેર આગળ વધી શકાય તેવા ઉમદા હેતુથી ચિ. રાજ અને ચિ. ચાર્મીના લગ્નના ચાંલ્લાની રકમમાં પોતાના રુપિયા ઉમેરીને રૂ. ૧,૨૧,૦૦૦/- સંસ્થાને યોગદાન આપેલ છે. આ યોગદાન થકી સમગ્ર સમાજમાં કે પ્રશંસનીય અને ઉમદા કાર્ય કરેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે મુન્નાભાઈના હુલામણા નામથી જાણીતા શ્રી જીજ્ઞેશકુમાર ચોટાઈ (રાજ ટ્રેડર્સ - જામજોધપુર, વનરાજ ટ્રેડર્સ - ઉપલેટા) દ્વારા અવાર-નવાર સમાજસેવાના કાર્યો કરવામાં આવતા હોય છે. તેમના આંગણેથી કોઈ નિરાશ ક્યારેય નથી આવ્યું તેવા સમયે 'રઘુવંશી સેવા સમાજ ટ્રસ્ટ - ગાંધીનગર'ની જરુરીયાત પારખીને તેઓના પરિવાર દ્વારા આ પ્રશંસનીય કાર્ય સમાજના અન્ય લોકો માટે પણ પ્રેરણાનું સ્ત્રોત બનશે.

આ પરિવાર દ્વારા આ સુંદર જાહેરાત કરતાં ચિ. રાજ તેમજ ચિ. ચાર્મીના લગ્ન પ્રસંગે તા. ૨૩-૦૨-૨૦૨૫ના રોજ 'રઘુવંશી સેવા સમાજ ટ્રસ્ટ - ગાંધીનગર'ના ટ્રસ્ટીશ્રીઓ શ્રી દિલીપભાઈ, શ્રી પિન્ટુભાઈએ પ્રસંગમાં રુબરુ હાજરી આપી શ્રી જીજ્ઞેશકુમાર ચોટાઈને મોમેન્ટો અર્પણ કરી સંસ્થા વતી બિરદાવેલ તેમજ ચિ. રાજ અને ચિ. ચાર્મીને આશીર્વાદ પાઠવેલ.

અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે 'રઘુવંશી સેવા સમાજ ટ્રસ્ટ - ગાંધીનગર' સમાજના છેવાડાના માનવીઓના હિત માટે કાર્ય કરતી સંસ્થા છે. ખાસ કરીને સમાજના પ્રત્યેક ઘરમાં શિક્ષણ પહોંચે તે માટે કટિબદ્ધ છે. આ સંસ્થા શ્રી જીજ્ઞેશકુમાર ચોટાઈ પરિવાર જેવા સમાજશ્રેષ્ઠીઓના અનુદાન થકી આગળ વધી રહી છે.

## કચ્છ પોલીસ મોટું ઓપરેશન પાર પાડ્યું,

# ગાંધીધામ જી.આઈ.ડી.સી. કુરિયર દ્વારા મંગાવેલો ૧૪૦ કિલો ગાંજાનો જથ્થો જપ્ત

ગાંધીધામ,

રાજ્યમાં પોલીસ વિભાગ દ્વારા નશીલા પદાર્થોની ગેરકાયદેસર રીતે થતી હેરાફેરી અને ઉપયોગને અટકાવવા માટે "જીછરૂ ર્દ્બ ક્ષ્ઈંય્જી" મિશન અંતગર્ત નાર્કોટીકસ પદાર્થોનું ખરીદ, વેચાણ કે સેવન કરનારા લોકો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે ત્યારે કચ્છ પોલીસ એક મોટું ઓપરેશન પાર પાડ્યું છે જેમાં, પોલીસને મળેલ બાતમીને આધારે ગાંધીધામ જી.આઈ.ડી.સી. કુરિયર દ્વારા મંગાવેલો ૧૪૦ કિલો ગાંજાનો જથ્થો પોલીસ જપ્ત કર્યો હતો, જેની કિંમત આશરે રૂ. ૧૪,૦૬,૦૦૦ આંકવામાં આવી રહી છે. આ સમગ્ર બાબતે સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ પોલીસ અધિકારીઓને પેટ્રોલિંગ દરમિયાન એક બાતમી મળી હતી કે ગાંધીધામ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલી કુરિયર સર્વિસની ઑફિસમાં પાર્સલોની આડમાં મોટી માત્રામાં પેકેટની અંદર ગાંજાનો જથ્થો મોકલવામાં આવ્યો છે. આ પાર્સલ છોડાવવા આવેલા વ્યક્તિને શંકા જતાં તેણે પાર્સલ છોડાવ્યું ન હતું અને બસ મારફતે શહેર છોડીને નાસી જવાની ફિરાકમાં જ હતો.

# ફેબ્રુઆરીના અંતે તાપમાનનું તાંડવ શરૂ:બે દિવસમાં પારો ૩૮ ડિગ્રીએ જશે, પશ્ચિમી પવન અને શુષ્ક હવામાન બફારો વધારશે; દરિયાકાંઠે ૪૮ કલાક યલો એલર્ટ

ગુજરાતમાં હાલ ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે અને ઠંડીનું જોર ઘટી રહ્યું છે. એની સાથે-સાથે દરિયાકાંઠાના વિસ્તારમાં ભેજને કારણે બફારાનું પ્રમાણ પણ વધ્યું છે, જેથી હવામાન વિભાગે આગામી ૪૮ કલાક માટે રાજયના સમગ્ર દરિયાકાંઠાના વિસ્તારમાં યલો એલર્ટ જાહેર કર્યું છે. દરિયાની સપાટીથી ૫૦ કિલોમીટર જમીન તરફના વિસ્તારમાં સાવચેતીના ભાગરૂપે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં ગુજરાત પર ઉત્તર-પૂર્વ અને પૂર્વ દિશા તરફથી પવન આવી રહ્યા છે. જમીનની સપાટી પરથી આવતા આ પવનો સામાન્ય રીતે ગરમ હોય છે, જેના કારણે રાજ્યમાં બફારાનું પ્રમાણ ઉત્તરોતર વધી રહ્યું છે અને આગામી બે દિવસમાં તાપમાનનો પારો



૩૮ ડિગ્રીએ પહોંચી શકે એવું અનુમાન લગાવ્યું છે. આગામી ૨૪ કલાક તાપમાન યથાવત્ રહેશે. ત્યાર બાદ બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ તાપમાન વધવાની સંભાવના છે. બીજી તરફ, રાજયભરના લઘુતમ તાપમાનમાં બે ડિગ્રી સેલ્સિયસ સુધીનો વધારો નોંધાયો છે તથા મહત્તમ તાપમાન યથાવત્ નોંધાયું છે. આગામી એક સપ્તાહ દરમિયાન રાજયભરનું વાતાવરણ શુષ્ક રહેવાની સાથે તાપમાનમાં ક્રમશઃ વધારો થવાની પણ શક્યતા છે.ગઈકાલે રાજયમાં સૌથી વધુ મહત્તમ તાપમાન સુરતમાં ૩૭.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ સિવાય રાજયનાં અન્ય ત્રણ મહાનગરમાં પણ મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસની આસપાસ નોંધાયું હતું, જેમાં અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન ૩૪.૯ ડિગ્રી સેલ્સિયસ, વડોદરાનું ૩૫ ડિગ્રી સેલ્સિયસ અને રાજકોટમાં ૩૬.૯ ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

# મનરેગા યોજના હેઠળ જામનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૭.૪૬ લાખથી વધુ માનવદિન રોજગારી ઉભી થઈ

ગાંધીનગર,

વિધાનસભા ગૃહ ખાતે ધારાસભ્યશ્રી દ્વારા મનરેગા યોજના અંગે પૂછેલા પ્રશ્નનો જવાબ આપતા ગ્રામ વિકાસ રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતું કે, જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૪,૪૮,૫૮૦ જેટલી તેમજ વર્ષ ૨૦૨૪-૨૫માં ૨,૯૭,૬૧૪ માનવદિન રોજગારી ઊભી થઈ છે. જેના માટે એક માનવદિન રોજગારીનો દર ગત તા. ૧/૪/૨૦૨૪થી રૂ. ૨૮૦/- નક્કી કરવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૨૩-૨૪માં ઉભી થયેલી કુલ માનવદિન રોજગારી પૈકી ૧,૬૯,૦૦૦થી વધુ રોજગારી મહિલાઓ માટે તેમજ વર્ષ ૨૦૨૪-૨૫માં ૧,૨૨,૦૦૦થી વધુ રોજગારી મહિલાઓ માટે ઉભી થઈ છે, તેમ તેમણે ઉમેર્યું હતું.સભ્યશ્રીના પૂરક પ્રશ્નના પ્રત્યુત્તરમાં તેમણે જણાવ્યું હતું કે, જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૩-૨૪માં અનુસૂચિત જાતિ માટે ૭૦,૦૦૦થી વધુ તેમજ અનુસૂચિત જનજાતિ માટે ૨,૪૯૪ માનવદિન રોજગારી ઉભી થઈ છે. જ્યારે, વર્ષ ૨૦૨૪-૨૫માં અનુસૂચિત જાતિ માટે ૪૮,૯૦૦ તેમજ અનુસૂચિત જનજાતિ માટે ૨,૫૦૮ માનવદિન રોજગારી ઉભી થઈ છે.



## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ




***NOG SS NO:- 364***
★વિષય:- અંતરનાદ★
★શીર્ષક:-"કામણગારી કલમ"★
★પ્રકાર:- પદ્ય, શબ્દો:- ૧૨૦★

લઉં છું હું કલમ હાથમાં ને અંદરથી આવે છે ★"અંતરનાદ,"★
કવિ, લખ ભલે કિંતુ રાખજે તું ઈશને યાદ,યાદ,યાદ.

બ્રહ્મ રૂપે શબ્દો અવતરે છે બનીને કવિતા કામણગારી કલમમાંથી,
ક્યારેક મને ને કલમને ચડી જાય છે નશો ઈશ કેરી ચલમમાંથી,
કદીક શબ્દોનો સંગ્રામ રચાઈ જાય છે,બાજે છે શંખનાદ.
લઉં છું.....
અક્ષરો આંટા મારે છે,શબ્દો સેર કરે છે મુજ પત્ર રૂપી આંગણમાં,
વાક્યો વિહાર કરે છે ને ગઝલો અવતરે છે આ મન - પ્રાંગણમાં,
વિચારો ઢંઢોળે છે મને જગાડીને કાવ્યરચના કાજે કરે છે સાદ.
લઉં છું......
★"મન ચંગા તો કથોટમેં ગંગા,"★ અહીં તો વહે છે શબ્દોની જાહ્નવી,
શુભચિંતન દ્વારા સર્જન એવું થાય છે જાણે કે અવતરી જાહ્નવી !
★"પંકજ"★- સંપત્તિ મળે કે ના મળે,મારે મન ★"કાવ્યસર્જન"★ છે ★"જાયદાદ."★
લઉં છું.......
મનસુખભાઈ એચ.મકવાણા, પંકજ જરીવાલા, ઉપલેટા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 215**
વિષય : ’’ અંતરનાદ "
શીર્ષક : " મારા અંતરનાદમાં ગુંજે "
પ્રકાર : પદ્ય, શબ્દો : ૭૮.

મારા અંતરનાદમાં ગુંજે હરદમ પ્રભુ કેરું નામ,
સીયારામ, સીયારામ, સીયારામ, સીયારામ.

પ્રભુ પર હો વિશ્વાસ તો વિશ્વાસ તૂટવા ના દે,
હકનું તમારું હોય એને કદી પણ ખૂટવા ના દે,

અંતરમનથી ભક્તિ કરો તો, કષ્ટ મટે તમામ,
મારા અંતરનાદમાં ગુંજે હરદમ પ્રભુ કેરું નામ,
ઈશ્વર સૌને રાજી રાખતો, રાખતો સૌનું ધ્યાન,
અંતરપટ ખોલીને જુઓ તો ભક્તિ થશે પ્રદાન,

રામ કહો કે શ્યામ કહો, એ કરતો સૌનાં કામ,
મારા અંતરનાદમાં ગુંજે હરદમ પ્રભુ કેરું નામ.

શ્યામ ગોયાણી ’શ્યામ’
શિવેન્દ્રનગર (હાલ સુરત)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO- 195**
વિષય:- અંતરનાદ
શીર્ષક:- ધન્ય બનાવું જીવન
પ્રકાર :- પદ્ય શબ્દ:- ૬૭

ભાવભકિત ને કૃતિભકિતમાં લગાડું મુજ મન,
અંતરનાદ અજવાળી હૈયે ધન્ય બનાવું જીવન.

યમ,નિયમ ને જીવનમાં લાવી તપાવું મુજ તન,
અંતરનાદ અજવાળી હૈયે શૌર્ય બનાવું જીવન.

પ્રેમલ, પાવન, પ્રેરક, નિરખું વન ને ઉપવન,
અંતરનાદ અજવાળી હૈયે ભાવ ભરુ ભગવન.

ધ્યાન ધરું ધરણીધરનુ કરું પ્રભુ પ્રેમ પાવન,
અંતરનાદ અજવાળી મમ હૈયે કંડારુ કવન

દીનતા, હીનતા, લાચારીનો, કરી દઉ હવન
અંતરનાદ અજવાળી હૈયે મીટે આવન જાવન

અમૃત શ્રીમાળી - મહેસાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 378**
વિષય: અંતરનાદ
શીર્ષક: "વેદના"
પ્રકાર: પદ્ય શબ્દ સંખ્યા: ૬૧

એકધારો સમણાંમાં સરતો જાઉં છું,
ઝંખનામાં હું હવે ઉતરતો જાઉં છું.

વેદનાની તકલીફો ઉઠે અંતરનાદમાં,
રાત આખી હું પડખા ફરતો જાઉં છું.

ઝાંઝવા રણમાં મને દૂર સુધી દોડાવતા,
કારમી હાર કબુલી મરતો જાઉં છું.

દુવિધા હોય તો જીવન નહી જીવી શકો,
ખેવનાની દુનિયામાં ખરતો જાઉં છું.

જિંદગીમાં જે મળ્યું તે બધું સ્વીકારતો ગયો,
દર્દ સહેતો હું રહીને શ્વાસ ભરતો જાઉં છું.

રમેશ શર્મા ’વ્યોમ’..અમદાવાદ,

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG S No: 226?**
વિષય:અંતરનાદ
શિર્ષક:બદલાય છે
રચના: પદ્ય શબ્દો:૮૯

કોણ કહે છે ફક્ત કાચિંડાના જ રંગ બદલાય છે?
ગરજ મટે ત્યારે લોકોના રંગ પણ હા બદલાય છે.

સમય મળે નિહાળજો રવિ તણો રંગ બદલાય છે.
આખા માસ દરમિયાન શશીની કળા બદલાય છે.

ક્યારેક ધીરજ રાખીને જો જો નભે રંગ બદલાય છે.
વૃક્ષો તણાં પાંદડા ઋતુને બદલતા રંગ બદલાય છે.

નદી સદા વહેતી જાય છે ને પ્રવાહ તેના બદલાય છે.
સમુદ્ર માઝા મુકે પલમાં રૂદ્ર સ્વરૂપમાં બદલાય છે.

મનુષ્યો કેરા ચહેરાઓ ઉપર અનેક રૂપ નિખરાય છે.
મનુષ્યને છોડો ઈશ્વર તણાં પણ અનેક રૂપ દેખાય છે.
સુભાષ ઉપાધ્યાય 'મેહુલ '(અમેરિકા)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 0051**
વિષય : અંતરનાદ
શીર્ષક : શિવરાત્રી મહોત્સવ રે
પ્રકાર : પદ્ય - શબ્દો : ૮૨

મહાદેવજીનો પાવન પર્વ
મંદિરોમાં પૂજા અર્ચના
શિવરાત્રી મહોત્સવ રે..!
હર હર મહાદેવ
ભક્તોનો ભક્તિમય નાદ
શિવજીને જલાભિષેક થાય..!
ભાંગના ભોગી શિવજી
ઉરમાં રાખજો સદાય
શુણજો રે અંતરનાદ..!
નામ : ઉર્વશી મહેતા.અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS No. 181**
વિષય " અંતરનાદ"
શીર્ષક: " અંતરનાદ ની પોકાર"
પ્રકાર: પદ્ય શબ્દો: ૮૭

એક બહારનો ઘુઘવાટ,
છે સમુદ્ર સ્થિર ઘણો તોય
ક્યાંક ધીમો છે સળવળાટ
કેમ રે સંભળાય મારો અંતરનાદ ?

એક અંદરનો સુસવાટ
છે મન ચંચલ ભટકે રાહ
ક્યાંક તેજ થયો ગભરાટ
કેમ રે સંભળાય મારો અંતરનાદ ?

એક ખૂણો ખાલીખમ,
છે વર્તુળોમાં ગુમસુમ
દુનિયાનાં છેડે કેટલોય ભમરાટ
કેમ રે સંભળાય મારો અંતરનાદ ?

એક તીણો ગણગણાટ
છે મંદ ગતિએ મધ્યમ
ક્યાંક તેજ નજરનો તરવરાટ
કેમ રે સંભળાય મારો અંતરનાદ ?

એક હૃદયમાં ખળભળાટ
છે ઉંડો ??કૌસુમીનો એકાંત
ક્યાંક શાંત મન વળી ક્યાંક ઉચાટ
કેમ રે સંભળાય મારો અંતરનાદ?
??સુરમી બધેકા, કૌસુમી ??, મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

Nogss no 2o5

### વિષય: અંતરનાદ
શીર્ષક:પોકાર તુ પ્રભુ ને
પ્રકાર: પદ્ય શબ્દો:૧૫૦

અંતર ના નાદ થી પોકાર પ્રભુને
જે સાભળશે તારો સાદ
પ્રભુ પ્રત્યે વિશ્વાસ ડગ મગ થાય ના તારો
તો જરૂર થશે તારા કામ
અંતર ના નાદ થી પોકારી યા પ્રભુને
મીરાંબાઈ એ તેથી તેને ઝેર ના ઘુટડા
ગળે ઊતરી ગયા હતા
અંતર ના નાદ થી પ્રભુ ને સ્મરણ કરીયુ નરસિંહ મહેતા એ
કુંવર બાય ના મામેરા ભરાય ગયા હતા
જન્મ અને મરણ ની વચ્ચે ઝોલા ખાય રહેલા હે માનવ
અંતર ના નાદ થી રીજવ પ્રભુને
તો આ જગતમાં તારો બેડો પાર
આ સંસાર રૂપી મોહમાયા માં
આ મનખુ માનવા તૈયાર નથી
તારે કય માળા ફેરવવાની અને તું ક્યાં માળા ફેરવશ
ભણતર ગણતર અને આખા જીવન નું ઘણતર બધું તેના હાથ માં
આજ જરા સાચા અંતર ના નાદ થી
પ્રભુ ની ભક્તિ માં ઊંડો ઊતરી તો જો
ભક્ત પ્રહલાદે પ્રભુને પછી તો
અગન પછેડી ઓઢી લીધી પ્રભુ એ
એકવાર હું અંતર ના નાદ થી
યાદ કરૂં મારી વિધ્યા ની દેવી સરસ્વતી ને તો આ પથીક ના રૂદય માંથી આવા શબ્દો નિકળે આપો આપ
સ્વ રચિયત પથીક ઉર્ફે વિજયસિંહ બાબુભા ઝાલા ઢવાણા હળવદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No 168**
વિષય: અંતરનાદ
શીર્ષક: અંત:કરણનો સ્વામી
પ્રકાર: પદ્ય ??સંખ્યા: ૧૨૭

અંતઃકરણમાં અંતરનાથ નો શંખ સદા ગુંજતો હોય છે,
અંતર નાદમાં ઉતરી, જે અંતર ધ્યાન કરે, તે સ્વ ને ઓળખી જાણે.

દર્શન કરે સૃષ્ટિનાં ચક્રનું, જ્ઞાન મેળવે આદિ અનાદિ મધ્યનું,
મુક્ત થાય પાંચ વિકારથી, આ જન્મનું રાજ સમજી જાણે.

મુક્ત થાય આશક્તિઓથી, જીવન બને કમળ પુષ્પ સમાન,
જીવન બને હોલી હંસ, યોગી બને પવિત્ર બને.

અંતઃકરણમાં જે ઉતરે માનવી, તે ખરો પ્રયાગરાજ નો રાજા કહેવાય,
અંતરનાદ ને ઓળખવા માનવી, અંતર મુખી થવું પડે.

અંતરના નાદમાં બેઠો છે સ્વામી,મનની સૂક્ષ્મ શક્તિઓનો રાજા છે,
અંતર ના નાદમાં બિરાજમાન, આત્મા જેવો કોઈ જગતમાં સદગુરુ નથી.

અંતર નાદ એ જ, અમરનાથ છે દુનિયાનો,
અંતરના પટ ખોલ માનવી, જાણી લે અંતર મુખના સ્વામીને.

આંતરિક મનમાં બેસી અમરનાથની યાત્રા કરી લે,
અંતઃકરણના અમરનાથ જેવો આ જગતમાં કોઈ પુસ્તક નથી પ્રકાશક નથી.

ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ'

# લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના અને એસોસિએશન ફોર સોશિયલ વેલફેર એન્ડ ડેવલપમેન્ટ(ASWD)ના સહયોગથી સતત પાંચમા વર્ષે દિવ્યાંગ સમૂહ લગ્ન ઉત્સવનું સેક્ટર ૨૨ ના રંગમંચ ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યા








સમૂહ લગ્નમાં લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીનાના પ્રમુખ દક્ષા બેન જાદબ અને છજીઉદ્ઘ પ્રમુખ પરમજીત કૌર છાબડાએ સમૂહ લગ્નોત્સવમાં ભારે જેહમત ઉઠાવીને ૧૪ જોડીઓના લગ્ન કરાવ્યા હતા. તેઓને કરિયાવરમાં ૭૦ વિવિધ પ્રકારની જીવન ઉપયોગી વસ્તુઓ વિવિધ દાતાઓના સહયોગથી આપી હતી.આ સમૂહ લગ્નોત્સવ મા મુખ્ય મહેમાન તરીકે ડિસ્ટ્રીક ગવર્નર હરીશ ભાઈ ત્રિવેદી , ગાંધીનગર ધારાસભ્ય રીટાબેન પટેલ, ક્રષ્ણકાન્ત જહાં તથા ખાલસા લિટલ ફ્લાવર્સ સ્કૂલ ના મેનેજિંગ ટ્રસ્ટી શ્રીમતી સુરજીત કૌર ડાંગ, પધમકાન્ત પંડ્યા સુદામા અનુરાધા શેનોય હાજર રહ્યા હતા . પ. પૂ.પૂર્ણનણંદ સ્વામીએ તેમણે નવદંપતીઓને સુખી જીવન જીવવા માટે આર્શીવચન પણ આપ્યા હતા. રીટાબેન પટેલે તેમના વક્તવ્યમાં આટલા સરસ સામાજિક કાર્ય કરવા માટે બંને સંસ્થાઓના કાર્યકરો મેં બિરદાવતા જણાવ્યું કે આ સમૂહ લગ્ન મોટો યજ્ઞ કહેવાય અને આટલા અદભુત આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા. લાયન્સ ઈન્ટરનેશનલના ડિસ્ટ્રિક્ટ ગવર્નર હરીશ ભાઈ ત્રિવેદી એ શુભેચ્છઓ સાથે સે નો યુઝ સિંગલ યુઝ પ્લાસ્ટિક પ્રોજેક્ટ ને પણ બિરદાવ્યું, જહાં સાહિબ પણ દિવ્યાંગો માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ઝોન ચેરમેન ચંદાબેન યાદવ ડિસ્ટ્રિક્ટ માંથી પધારેલ સીટી નિમેષભાઈ મજબુદાર અને પ્રોટોકોલ ઓફિસર ઉમેશભાઈ કોટિયા એ પણ નવયુગલને શુભેચ્છા પાઠવેલઆ પ્રસંગના લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના પ્રમુખ દક્ષા જાદવ તથા એસોસિએશન ફોર સોશિયલ વેલફેર એન્ડ ડેવલપમેન્ટના પરમજિત કોર છાબડા સાથે ક્લબની બધી જ બહેનોએ આ સેવા યજ્ઞ માં તન મન અને ધન થી જોડાઈ ખૂબ જ ધામધૂમથી પોતાની દીકરાનીઓની લગ્ન હોય તેવી રીતે આનંદપૂર્વક પ્રસંગને દીપાવ્યો હતો .હઆ પાંચ વર્ષો મા ૫૧ દિવ્યાંગયુગલો ને પ્રભુતા મા પગલાં પાડવાનુ શુભ કાર્ય બંને સંસ્થા દ્વારા કરવામાં આવ્યાઝોન ચેરમેન ચંદાબેન યાદવ ડિસ્ટ્રિક્ટ માંથી પધારેલ સીટી નિમેષભાઈ મજબુદાર અને પ્રોટોકોલ ઓફિસર ઉમેશભાઈ કોટિયા એ પણ નવયુગલને શુભેચ્છા પાઠવેલ

# શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્ય કક્ષા દ્વારા આયોજિત મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટ માટે કાલોલ માં બેઠક મળી



શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્ય કક્ષા દ્વારા આયોજિત સતત ચોથી બિઝનેસ સમિટ માટે કાલોલ ખાતે કાલોલ એકમ ની કોર કમિટી ની એક અગત્ય ની બેઠક સિધ્ધનાથ મહાદેવ ખાતે મળી હતી.

આ બેઠક માં શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્ય કક્ષા ના પ્રદેશ ઉપાધ્યક્ષ આશિત ભાઈ ભટ્ટ હાજર રહી બિઝનેસ સમિટ ની વિસ્તૃત જાણકારી આપી હતી.

આશિત ભટ્ટે જણાવ્યું હતું કે આ ચોથી બિઝનેસ સમિટ છે. જેમાં બ્રાહ્મણ ઉદ્યોગકારો ના ત્રણસો થી વધુ સ્ટોલ લાગવા ના છે. જેમાં પ્રતિષ્ઠિત ઉદ્યોગકારો સમાજ ના નવા સાહસિકો ને માર્ગદર્શન આપશે. સમાજ ના યુવા યુવતીઓ માટે રોજગાર મેળો કરી વધુ માં વધુ યુવક યુવતીઓ ને રોજગાર મળે તેવા સનિષ્ઠ પ્રયત્નો કરવામાં આવ્યા છે, આ સમિટ માં બે લાખ કરતા વધારે બ્રાહ્મણો ભાગ લેવા ના છે ત્યારે આપણા કાલોલના પણ બ્રાહ્મણો વધુ માં વધુ જોડાય તેવો પ્રયત્ન કરવામાં આવે. સાથે સાથે વિના મૂલ્યે જીવનસાથી પસંદગી સમેલન નું પણ આયોજન કરવામાં આવ્યું છે.બીજી એવી પણ માહિતી આપી હતી કે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્ય કક્ષા દ્વારા ગુજરાત માં ભગવાન પરશુરામ ની વિશ્વ ની સૌ થી ઊંચી પ્રતિમા પણ સ્થાપવા માં આવશે, આ પ્રોજેક્ટ અંતિમ ચરણ માં છે.

એકમ ના દિવ્યેશ જોશી અને હિરેન વ્યાસે જણાવ્યું હતું કે ટૂંક સમયમાં કાલોલ એકમ ની વ્યાપક બેઠક બોલાવી બિઝનેસ સમિટ માં જવા માટેનું નકકર આયોજન કરવામાં આવશે અને કાલોલ માંથી મોટા પ્રમાણ માં ભૂદેવો સાયન્સ સિટી અમદાવાદ ખાતે યોજાવા જઈ રહેલ મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટ માં હાજરી આપશે.આ બેઠક માં એકમ ના દિવ્યેશ જોષી, હિરેન વ્યાસ, શૈફાલીબેન ઉપાધ્યાય, રિતેશ પંડ્યા, ઉમાબેન પંડ્યા, મમતા બેન ભટ્ટ વિગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

# રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુ ગુજરાતના પ્રવાસે, વડોદરામાં ટૂંકુ રોકાણ




રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ તેમના ચાર દિવસના ગુજરાત પ્રવાસનો પ્રારંભ કર્યો છે. દેશની અંખડિતાના શિલ્પી સરદાર સાહેબની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા નિહાળવા એકતાનગર જઇ રહેલા રાષ્ટ્રપતિશ્રીએ વડોદરા એરપોર્ટ ખાતે ઉતરાણ કર્યું હતું. જ્યાં તેમને ઉષ્માસભર આવકાર આપવામાં આવ્યો હતોઅ

સૂર્યોદય પુસ્તકાલય કાઠી બૉર્ડિંગ બોટાદ ખાતે સતુભાઈ ધાધલનુ સન્માનકાઠી દરબાર શિક્ષણ સમિતિ બોટાદ માટે હરહંમેશ એક હુંફાળો હોંકારો અને તન,મન અને ધનથી સદા કાઠી બૉર્ડિંગ બોટાદના ભાઈઓ માટે સદા સમર્પિત વ્યક્તિત્વ તથા વિશ્વ હિંદુ પરિષદ બોટાદના ઘણાં લાંબા સમયથી અધ્યક્ષ તથા કાઠી દરબાર સમાજ માટે અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ થકી સૌના હૃદયમાં સ્થાન પામનાર એક દિલેર વ્યક્તિત્વના ધની વ્હાલાં ભાઈશ્રી સતુભાઈ ધાધલનું નગરપાલિકાની ચુંટણી જંગી બહુમતીથી જીતવા બદલ સૂર્યોદય પુસ્તકાલય કાઠી બૉર્ડિંગ બોટાદ ખાતે ભગવાન રામચંદ્રજીના મોમેન્ટો અને પુષ્પમાળા તથા પુસ્તકથી સન્માન કરવામાં આવ્યું

અહેવાલ કનુભાઈ ખાચર.

# પ્રજાપિતા બ્રહમાકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય ડાકોર શાખા દ્વારા મહાશિવરાત્રી નિમિતે



આ પ્રસંગે ડાકોરના વિશેષ સાધુ સંતો દ્વારા દીપજ્વલન કરી ઉદ્દઘાટન કરવામાં આપ્યું. આ કાર્યક્રમમાં નગરના અગ્રણીઓ એ હાજરી આપી હતી. તેમજ મોટી સંખ્યામાં ભકતો ઉપસ્થિત રહી આરતી કરી. બી. કે નીતાબેન(ઉમરેઠ) દ્વારા ‘મહાશિવરાત્રી‘ ના પર્વનું આધ્યાત્મિક રહસ્ય તેમજ પરમાત્મ અવતરણનો સંદેશ આપવામાં આવ્યો. બી. કે અર્પિતાબેને સર્વ મહેમાનો નું સ્વાગત કર્યુ.યોગ-અનુભૂતી વિડિયો દ્વારા ‘સમય પરિવર્તન‘ નો સંદેશ આપવા માં આવ્યો તેમજ આત્મ દર્શન અને પરમાત્મ અનુભૂતિ દ્વારા રાજયોગ શીખવા માટે આહવાન કરવામાં આવ્યું. બ. કુ સંસ્થાના સર્વ ભાઈ-બહેનોએ સાથ-સહકાર આપી કાર્યક્રમને સફળબનાવ્યો. પત્રકારો એ વિશેષ હાજરી આપી હતી.

# ૨૭ ફેબ્રુઆરી, “વિશ્વ એન.જી.ઓ દિવસ”

## દાન એ સર્વોચ્ચ ગુણ છે અને તે મહાન માધ્યમ છે જેના દ્વારા માનવજાત પર ભગવાનની દયા થાય છે - કોનરેડ એન. હિલ્ટન




દર વર્ષે ૨૭મી ફેબ્રુઆરીએ “વિશ્વ એન.જી.ઓ દિવસ” ઉજવવામાં આવે છે. આ દિવસ મુખ્યત્વે તમામ બિન-સરકારી અને બિનનફાકારક સંસ્થાઓ અને તેમની પાછળનાં લોકો કે જેઓ આખું વર્ષ સમાજમાં યોગદાન આપે છે તેમને ઓળખવા અને સન્માન આપવા માટે સમર્પિત છે. પ્રથમ “વિશ્વ એન.જી.ઓ દિવસ” ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા મનાવવામાં આવ્યો હતો, જો કે પછીથી તેને સત્તાવાર રીતે માન્યતા આપવામાં આવી હતી. એન.જી.ઓ એ સ્થાનિક, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે જોવા મળે છે. યુનાઈટેડ નેશન્સ ચાર્ટરની કલમ ૭૧ મુજબ એન.જી.ઓને ×સરકારી પ્રભાવથી સ્વતંત્ર અને નફા માટે નથી× એવી કોઈપણ સંસ્થા તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. તબીબી સહાય, નાણાકીય સેવાઓ, પર્યાવરણીય સંશોધન, શૈક્ષણિક સહાય અને કટોકટી સમયે એન.જી.ઓ વિવિધ પ્રકારની સેવાઓ પ્રદાન કરે છે. તે આર્થિક, સામાજિક, શૈક્ષિણક, રાજકીય તેવા તમામ ક્ષેત્રોમાં મહત્વનો ભાગ ભજવે છે. સહયોગ અને નવીનતા દ્વારા ઉત્તેજિત, એન.જી.ઓ સ્વયંસેવકો દ્વારા વિકાસ કરે છે. જો કે, એન.જી.ઓ શહેરો માટે અદભૂત રોજગાર અને આર્થિક લાભો પણ પ્રદાન કરે છે. આ દિવસ સખત મહેનત અને નિઃસ્વાર્થ સેવા પર વિચાર કરવાની તક આપે છે. વર્તમાન સમયમાં લાખો સ્વયંસેવકો, સામાજિક કાર્યકરો સમાજને તેમની સેવાઓ પ્રદાન કરે છે અને એક સ્વસ્થ સમાજનાં નિર્માણમાં મહત્વનો ફાળો આપે છે. કોરોના મહામારીનાં સમયે, લોકડાઉન વખતે પણ જયારે આખો દેશ શાંત હતો ત્યારે એન.જી.ઓ જ હતાં જે પૂર્ણપણે સક્રિય હતાં અને સમાજ સેવા તરફ અગ્રેસર હતાં. આવી સંસ્થાઓ નિઃસ્વાર્થ ભાવે લોકોની સેવામાં સતત કાર્યરત હોય છે અને આ રીતે દેશનાં વિકાસમાં મદદરૂપ થાય છે.

દાન એ સર્વોચ્ચ ગુણ છે અને તે મહાન માધ્યમ છે જેના દ્વારા માનવજાત પર ભગવાનની દયા થાય છે - કોનરેડ એન. હિલ્ટન મિત્તલ ખેતાણી

# ભવન્સ કૉલેજ, ડાકોરમાં ઈતિહાસ વિભાગ દ્વારા વિષય નિષ્ણાંતનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું

ભારતીય વિદ્યા ભવન સંચાલિત ભવન્સ શ્રી ઈશ્વરલાલ એલ. પી. આર્ટસ્-સાયન્સ એન્ડ જે. શાહ કોમર્સ કોલેજના ઈતિહાસ વિભાગના ઉપક્રમે આજ રોજ ‘ સરદાર પટેલનું જીવન અને રાષ્ટ્રહિતના કાર્યો‘ વિષય પર એસ.વી.આર્ટસ કોલેજ, અમદાવાદના આચાર્ય ડૉ .જગદીશભાઈ એસ. ચૌધરી નું વ્યાખ્યાન યોજવામાં આવ્યું. પ્રાર્થના બાદ , મુખ્ય મહેમાન નું પુષ્પગુચ્છ અને સ્મૃતિ ભેટ તથા શાલ ઓઢાડીને સ્વાગત કરવામાં આવ્યું . આ પ્રસંગે કોલેજના આર્ટસ વિભાગ કો. ઓર્ડિનેટર ડૉ. એ. કે. ચૌધરીએ શાબ્દિક સ્વાગત અને મુખ્ય વકતાનો પરિચય કરાવી, આ કાર્યક્રમ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. ડૉ .જગદીશ ચૌધરીએ પોતાના વક્તવ્યમાં સરદાર પટેલના જીવન અને રાષ્ટ્ર કલ્યાણ ના કાર્યો સાથે જોડાયેલા અનેક પ્રસંગો પર ગહન ચર્ચા કરી, સરદારના જીવન અને કાર્યોમાંથી પ્રેરણા લેવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.ભવન્સ કોલેજ ,ડાકોર કેન્દ્રના માનદમંત્રી શ્રીમતી નિકિતાબેન ગાંધી, સંસ્થાના આચાર્યશ્રી ડૉ.ટી.આર. ત્રિવેદી ,આઇ.કયુ.એ. સી અને નેક કો. ઓર્ડિનેટર ડૉ.સહજ ગાંધીએ પરોક્ષ રીતે આ કાર્યક્રમ માટે શુભેચ્છાઓ આપી હતી.ઈતિહાસ વિભાગના અઘ્યક્ષ અને આ કાર્યક્રમના સંયોજક ડૉ.આર.બી.વાઘેલાએ આભારવિધિ કરી અને ગુજરાતી વિભાગના અધ્યાપિકા ડૉ.શિતલબેન માછીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.સહ અધ્યાપકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ધનસુરા ખાતે વિદાય સમારંભ યોજાયો



હરેશ પંચાલ - ધનસુરા ની શ્રી જીએસ મહેતા હાઈસ્કૂલ માં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા શ્રી રોહિતભાઈ પટેની વય નિવૃત્તિ વિદાય સમારંભ રેવિશા સાંસ્કૃતિક હોલમાં ધનસુરા કેળવણી મંડળના પ્રમુખ કાંતિભાઈ સોમાભાઈ પટેલ ની અધ્યક્ષતામાં યોજાયો. આ પ્રસંગે કેળવણી મંડળના ઉપપ્રમુખ સચિન ભાઈ પટેલ, ગોપાલભાઈ ઠેકડી, વી એમ પટેલ મંત્રી ગોવિંદભાઈ પટેલ , ધીરુભાઈ પટેલ, હસમુખભાઈ પટેલ, ધનસુરા કેડવણી મંડળના ટ્રસ્ટી રાજેન્દ્ર કુમાર મહેતા, પરિમલભાઈ પટેલ, સાબર ડેરીના એમડી સુભાષભાઈ પટેલ, રોહિતભાઈ ના પિતા શાંતિલાલ પટેલ, ઉચ્ચતર સંઘના પ્રમુખ રાકેશભાઈ પટેલ સાથે મંડળના અન્ય હોદ્દેદારઓએ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં હાઈસ્કૂલના આચાર્ય પ્રકાશભાઈ દેસાઈએ પ્રસંગિક વિચારો રજૂ કર્યા સાથે સાથે ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા વિદાય સમારંભ યોજાયો હતો ત્યારબાદ શાળાના વિદ્યાર્થી વલ જયસ્વાલ અને કિંજલ પ્રજાપતિએ પ્રતિનિધિ તરીકે વક્તવ્ય રજૂ કર્યું હતું હાઈસ્કૂલના શિક્ષક વિજયભાઈ પટેલ અને જી એસ પટેલ સૌ શિક્ષક ગણ વતી પોતાના વિચારો રજૂ કર્યા હતા ત્યારબાદ નિવૃત્તમાન રોહિતભાઈ પટેલ નું મંચસ્થ મહાનુભાવો દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું ત્યારબાદ મંડળના મંત્રી ગોવિંદભાઈ પટેલ, સાબર ડેરીના એમડી સુભાષભાઈ પટેલે પ્રાસંગિક વિચાર રજૂ કર્યા હતા ત્યારબાદ રોહિતભાઈ પટેલ પોતાના સન્માનનો પ્રત્યુતર આપ્યો હતો કેળવણી મંડળના પ્રમુખ કાંતિભાઈ પટેલે વિદાયમાન ને શુભેચ્છા અને આશીર્વાદ આપ્યા હતા સૌ પ્રત્યે આભાર ની લાગણી સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના સુપરવાઈઝર એચ કે પટેલે કરી હતી .-અખંડ ભારત

# જૂનાગઢમાં ભવનાથના મેળામાં મંત્રીએ મહાદેવના દર્શન કર્યા



જુનાગઢ, રાજયના પાણી પુરવઠા, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી કુંવરજીબાઈ બાવળિયા આજે મહાશિવરાત્રીના મેળામાં હાજર રહ્યા. તેમણે ભવનાથ મહાદેવનું દર્શન કરી પૂજા અર્ચના કરી અને લોકોની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.તેમનું ભવનાથ મંદિર ખાતે મહાદેવગીરી બાપુ દ્વારા સન્માન કરવામાં આવ્યું. મંત્રીએ ભવનાથ તળેટીના દોલતરામ આશ્રમ અને વેલનાથબાપુના મંદિરની મુલાકાત લીધી અને ત્યાંની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી. હતી.તેમણે મુચકુંદ ગુફા આશ્રમ જઈ ૧૦૦૮ જગતગુરુ ગર્ગાચાર્ય પીઠાધીશ્વર મહેન્દ્રાનંદગીરી મહારાજ અને મહામંડલેશ્વર કનકેશ્વરી દેવજી સાથે મુલાકાત કરી.આ અવસરે પાટણના સાંસદ ભરતસિંહ ડાભી, રાજ્યસભાના ભૂતપૂર્વ સાંસદ શંકરભાઈ વેગડ અને અન્ય અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા.

# વણકર સેવા સંઘ ચાંદખેડા-મોટેરા દ્વારા સમૂદાય ભવન-ડી કેબીન ખાતે વહીવટી, મેડિકલ, સંશોધન, સીએ ક્ષેત્રે કુશળતા હાંસલ કરનાર છાત્રોનું સન્માન યોજાયું



વણકર સેવા સંઘ ચાંદખેડા-અમદાવાદની ૧૦ મી વાર્ષિક સાધારણ સભા તથા સમાજના આઈએએસ, આઈપીએસ અધિકારીઓ સહિત વાણિજ્ય તથા મેડિકલમાં ઉત્તિર્ણ થયેલા છાત્રોનું જાહેર સન્માન જેવા કાર્યક્રમો સમૂદાય ભવન-ડી કેબીન ખાતે યોજાયા હતા.સમારંભના અધ્યક્ષ અને વણકર સેવા સંઘના પ્રમુખ શ્રી મનુભાઈ પરમારે સંસ્થાની પ્રવૃતિઓ સવિસ્તાર રજુઆત કરી સમાજના યુવા ધનને સામાજીક પ્રવૃત્તિમાં જોડાવા આહવાન કર્યું હતું. પાંચ માળના વણકર સમાજના સંકુલની માહિતી આપતાં જણાવેલ કે ચોથા અને પાંચમાં માળે પુસ્તકાલય અને શૈક્ષણિક વર્ગોનું આયોજન છે તથા શૈક્ષણિક સુવિધા માટે વર્ગ-૩ થી વર્ગ-૧ સુધીના શૈક્ષણિક વર્ગોનું શૈક્ષણિક વર્ગોનું આયોજન ગોઠવવામાં આવશે. સમાજના છાત્રોને સારો શિક્ષણ લાભ મળે તેવા આયોજન ઉપર ભાર મૂક્યો હતો. આ જ્ઞાનભવનમાં અંગ્રેજી પ્રશિક્ષણના વર્ગો સમગ્ર અનુસુચિત જાતિ માટે શરૂ કરવાની રૂપરેખા આપી હતી. આ જ્ઞાનભવનમાં કોમ્પ્યુટર લેબ પણ કાર્યાંવિત કરવાની નેમ વ્યક્ત કરી હતી. સમગ્ર ટ્રસ્ટી મંડળની સક્રિયતાને કારણે ભવનનો ઉદેશ સાકાર કરી લાભાર્થીઓને વધુમાં વધુ લાભ થાય તેવા બહુહેતુક આયામ કરવાની ભાવનાને મૂર્તિમંત કરી હતી.

મુખ્ય મહેમાન તરીકે પૂર્વ સદસ્ય ગુજરાત જાહેર સેવા આયોગના શ્રી નાથુભાઈ સોસાએ નવી પેઢીના યુવાન- યુવતીઓને સમાજના નવનિર્માણમાં ઉન્નત ફાળો આપવા શીખ આપી હતી. આવનારા સમયમાં શિક્ષણ એ સમાજનો માઈલસ્ટોન બનવાનો હોઇ ભણતર સાથે ઘડતર સિદ્ધ કરી સામાજિક સ્તરે સમાજને મદદરૂપ બનવા અનુરોધ કર્યો હતો. આપણા સમાજની ૭૦ હજાર જેટલી સામાજિક સંસ્થાઓ હોય ત્યારે એ તમામ સંસ્થાઓ નદીના પ્રવાહની જેમ ભળી જાય તો સમાજ દરિયો બની જશે અને પછી કોઈપણ કાર્ય સાકાર થતા સમાજને વાર નહીં લાગે તેવી લાગણી વ્યક્ત કરી હતી.

વણકર સેવા સંઘ ચાંદખેડાના ઉપપ્રમુખ શ્રી જીવણભાઈ બી. સોલંકીએ સ્વાગત પ્રવચન કરી આમંત્રિત મહેમાનોનું સાલ અને સંવિધાન આપી સન્માન કર્યું હતું. સંસ્થાના મહામંત્રી મોતીલાલ પાટણવાળાએ વણકર સેવા સંઘ ચાંદખેડા-મોટેરાની સંસ્થાનો પ્રગતિ ચિતાર રજૂ કર્યો હતો. આ બેઠકમાં સંસ્થાના વાર્ષિક હિસાબો અને ઠરાવોને બહાલી આપવામાં આવી હતી. આ સભામાં વર્તમાન પ્રમુખ અને મહામંત્રી અને કારોબારી સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

આ સમારંભનો પ્રારંભ કરાવતાં નિવૃત્ત એડીશનલ ડીજીપી શ્રી સી. આર. પરમારે વણકર સેવા સંઘ ચાંદખેડાની પ્રવૃત્તિઓને બિરદાવી યુવાનોને વર્તમાન યુગમાં શિક્ષણ, સેવાને પ્રાધાન્ય આપવા જણાવ્યું હતું. શિક્ષણ સેવા સંઘ - વેજલપુરના પ્રમુખશ્રી અર્જુનસિંહ ગોહિલે યુવાનોને જ્યારે સમાજ માટે તક મળે ત્યારે તે તક ઝડપી સમાજ સેવાના ઉમદા હેતુને મૂર્તિમંત કરવાની ભાવના પ્રગટ કરી હતી. સામાજિક અગ્રણી શ્રી પુષ્પાબેન પરમારે સમાજને જાગૃતિ માટે શિક્ષણને મહત્વનુ માધ્યમ જણાવ્યું હતું.આ પ્રસંગે ઉપસ્થિત આઈએએસ શ્રી પ્રવીણભાઈ સોલંકીનું પણ સ્મૃતિચિન્હ આપી સન્માન કરવામાં આવ્યું હતું તથા આઈપીએસ શ્રી વિશાલ વાઘેલાનું સન્માન પ્રશસ્તિપત્ર સ્મૃતિપત્ર અને ભારતીય બંધારણની નકલ આપી કરવામાં આવ્યું હતું. તેમની સાથે વહીવટી, મેડિકલ, સંશોધન, સી.એ. ક્ષેત્રે કુશળતા પ્રાપ્ત કરેલ છાત્રોનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓ વડીલો દાતા આજીવન દાતાશ્રીઓ તથા મોટી સંખ્યામાં સમાજના શ્રેષ્ઠીજનો ભાઇઓ અને બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી પરેશભાઈ સુતરીયા અને શ્રી ચંદ્રવદન સુતરીયાએ અને આભારદર્શન શ્રી મહેશભાઈ પ્રભાકરે કર્યું હતું.

મીડિયા સંકલનની કામગીરી શ્રી ભરતભાઈ ચૌહાણ, શ્રી શૈલેષભાઈ ચૌહાણ, શ્રી ભીખાભાઈ મકવાણા અને શ્રી રજનીભાઈ અને શ્રી પંકજભાઈએ સંભાળી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.